SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા તથા ગૌરવ પુરસ્કાર વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' :એક વ્યક્તિ અભ્યાસ

*Dr. Komal N. Sachade*

**સારાંશ :**

સાહિત્ય તથા શિક્ષણક્ષેત્રે અનેરું સ્થાન શોભાવનાર સૌના પ્રેરક આદરણીયશ્રી ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ના જીવન તથા કવનનો અભ્યાસ કરવો એ પણ એક લ્હાવો છે. સૌમ્ય, નિષ્ઠાવાન, પ્રેરણાદાયી, આત્મસંયમી, નિયમિત, વાત્સલ્યમય, અભ્યાસશીલ અને વિદ્યાર્થીપ્રીતિ ધરાવનાર એવા સહૃદયી વ્યક્તિત્વ કે જેમણે આયખું શિક્ષણને સમર્પિત કર્યું. વય નિવૃત્તિમાં રચનાત્મક પ્રવૃત્તિઓને જીવનમંત્ર બનાવનારા શિક્ષક તથા મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ' રશ્મિ'ના વ્યક્તિત્વમાં કાર્યકુશળતા, પ્રાવિણ્ય અને ચોકસાઈ તેમના સ્વભાવ સાથે વણાયેલા છે. તેમણે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે તથા સંસ્કાર સિંચન માટે સાતત્યપૂર્ણ સક્રિયતા દાખવીને શિક્ષકધર્મ દિપાવ્યો છે.

પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' : એક વ્યક્તિ અભ્યાસ અંતર્ગત ડૉ. 'રશ્મિ'ને લગતી વિવિધ સાહિત્યિક, શૈક્ષણિક તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓમાંથી શૈક્ષણિક, સાહિત્યિક સંવર્ધન માટે સમાજને માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડતાં આ વ્યક્તિ અભ્યાસનો હેતુ શૈક્ષણિક અને સાહિત્યિક પ્રેરણા, સંવર્ધન અને વિકાસનો હેતુ હોવાથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ભાષા અને સાહિત્ય હતુ. અભ્યાસનો પ્રકાર વ્યવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું. સંશોધકે વર્ણાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ પસંદ કરી હતી. નિદર્શ તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ના પ્રવૃત્તિઓ વિષયક પ્રકાશિત લેખો તથા પ્રકાશિત સાહિત્ય, પ્રકાશિત પુસ્તકોની સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે સ્વરચિત નોંધપત્રકો તથા અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પ્રાપ્ય અભિપ્રાયોમાંથી સ્વરચિત નોંધપત્રકોમાં હેતુ મુજબ વિવિધ વિચારજૂથોનું વિભાજન કરીને વિષયવસ્તુમાંથી ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ' ના વ્યક્તિત્વનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો : રાષ્ટ્રીય પારિતોષિક, રશ્મિ**

**પ્રસ્તાવના :**

જેમની વાણીમાં પળેપળ સાહિત્ય છલકે છે. સાહિત્યના પંથે સફર કરતા દરેક સાહિત્યકારોના સાચા માર્ગદર્શક એવા પરમ આદરણીયશ્રી ડૉ. રમેશભાઈ 'રશ્મિ' એટલે સાહિત્યજગતનો ચમકતો સિતારો. પોતાની કેળવાયેલી કલમ દ્વારા તથા પોતાના બહોળા અનુભવ પ્રદેશમાંથી તેમણે શિક્ષણજગત અને સાહિત્ય જગતને અજવાળ્યું છે. એવા સર્જનાત્મકતાની મૂર્તિ ડૉ. 'રશ્મિ'નું સાહિત્ય સૌ સાહિત્યપ્રેમીઓ માટે એક પ્રેરણા પીયૂષ છે. નિતનવા આયામોને વણી લઈને તેમાં સમાવિષ્ટ દરેક સાહિત્ય તેમના અનુભવોની બુલંદીનો નિચોડ છે. નિવૃત્તિમાં પણ ખૂબ જ પ્રવૃત્ત રહેનારા યુવા પેઢીને પણ આદર્શ ઉદાહરણ પૂરું પાડનાર ડૉ. 'રશ્મિ' શ્રેષ્ઠ વક્તા, ઉત્તમ કોટીના સાહિત્યકાર, આદર્શ શિક્ષકત્વની છબી અંકિત કરનાર તથા સક્રિયતાના પર્યાય છે. સાહિત્યજગત, શિક્ષણજગત તથા કલાજગત આમ ત્રિવેણી સંગમ વ્યક્તિત્વ ધરાવતા ડૉ . 'રશ્મિ' દરેક ક્ષેત્રે એવોર્ડના અધિકારી


*Dr. Komal N. Sachade, Asst. Teacher, Shree Sukhpar (Roha)Primary School, Nakhtrana – Kutch, E-Mail : komalsachde54@gmail.com, Mobile: 9909696154*

બન્યા છે. શ્રી રમેશભાઈ ભટ્ટનું જીવન અને કવન એ પણ એક પ્રેરણા છે. ડૉ. 'રશ્મિ' શિક્ષણ તથા સાહિત્ય ક્ષેત્રે પ્રેરણા સ્રોત બનીને સાહિત્યનું સર્જન કરતા રહે એ જ અભ્યર્થના.

**સંશોધનના હેતુઓ:**

1. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નો વ્યક્તિ અભ્યાસ કરવો.
2. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની વિશિષ્ટ સિદ્ધિઓનો અભ્યાસ કરવો.
3. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની વિશિષ્ટ સાફલ્ય ગાથાનો અભ્યાસ કરવો.
4. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નુ કચ્છી ભાષા સાહિત્ય અને સંવર્ધન ક્ષેત્રે યોગદાનનો અભ્યાસ કરવો.
5. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની સવિશેષ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1) રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નું વ્યક્તિત્વ કેવું હશે?
2) રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની વિશિષ્ટ સિદ્ધિઓ કઈ કઈ હશે ?
3) રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની વિશિષ્ટ સાફલ્ય ગાથા કેવી હશે ?
4) રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નું કચ્છી ભાષા સાહિત્ય અને સંવર્ધન ક્ષેત્રે યોગદાનનો શું હશે?
5) રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ની સવિશેષ પ્રવૃત્તિઓ કઈ કઈ હશે ?

**ચાવીરૂપ શબ્દોની વ્હવહારુ વ્યાખ્યા :**

1. **ડૉ. રમેશભાઈ ભટ્ટ**: ડૉ. રમેશચંદ્ર કાંતિલાલ ભટ્ટ, તખલ્લુસ : 'રશ્મિ', મૂળ ગામ : ઘડાણી, તાલુકો નખત્રાણા( કચ્છ) હાલે – માધાપર (કચ્છ)
2. **રાષ્ટ્રીય પારિતોષિક:** શિક્ષણ ક્ષેત્રે અદભુત અને વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકની દર વર્ષે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રી ના હસ્તે આપવામાં આવતો એવોર્ડ.
3. **'રશ્મિ' :** ડૉ. રમેશભાઈ ભટ્ટનું ઉપનામ 'રશ્મિ' છે. 'રશ્મિ' શબ્દનો અર્થ થાય છે પ્રકાશનું કિરણ.
4. **વ્યક્તિ અભ્યાસ :** ડી. એ. ઉચાટના મતે વ્યક્તિ અભ્યાસ એટલે કે જેના વડે કોઇ એક સંસ્થા કે વ્યક્તિ અથવા સમુહ જીવનની કોઈ એક ઘટનાનું તેના જૂથમાં કોઈ અન્ય સાથેના સંબંધના સંદર્ભમાં પૃથક્કરણ કરવામાં આવે છે આમ કોઈ વ્યક્તિ કે જૂથના વિગત પૂર્ણ અભ્યાસને જીવન ઇતિહાસ કે વ્યક્તિ અભ્યાસ કહેવાય છે.

**સંશોધનનું સીમાંકન :**

1) પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ના વ્યક્તિ અભ્યાસનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
2) પ્રસ્તુત સંશોધનમાં સંસ્થાનો ઇતિહાસ, સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, સાફલ્યગાથા, વિવિધ પાસાઓને સમાવવાનો પ્રયત્ન કર્યો હતો, છતાં કોઈ પણ પાસું બાકી રહી જવા સંભવ છે.

**સંશોધન યોજના**

1. **સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નો વ્યક્તિ અભ્યાસ અંતર્ગત તેઓની વિશિષ્ટ સિદ્ધિઓ સાફલ્ય ગાથા અને  કચ્છી ભાષાને લગતી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ તેમણે કચ્છી ભાષાના સંવર્ધન માટે કરેલી સવિશેષ પ્રવૃત્તિઓના અભ્યાસ દ્વારા સમાને એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડવાનો હેતુ હોવાથી  પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ભાષા અને સાહિત્ય હતું.

**2) સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર **વ્યવહારિક અને ગુણાત્મક** પ્રકારનું છે. પ્રસ્તુત સંશોધનના પરિણામો વ્યવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે તેથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન ગણાય.પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'નો  વ્યક્તિ અભ્યાસ અંતર્ગત તેઓની વિશિષ્ટ સિદ્ધિઓ સાફલ્ય ગાથાનો અભ્યાસ તેના વિવિધ પાસાંઓ વર્ણાત્મક સ્વરૂપે રજૂ કરતો હોવાથી અને સંશોધનની પ્રાપ્ય માહિતી તથા નિષ્પતિ ગુણાત્મક હોવાથી તે ગુણાત્મક સંશોધન છે.

**3) વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'  એ આ અભ્યાસનું વ્યાપવિશ્વ હતું.

**4) નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં  **'સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ'**નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસ પ્રકારનો હોવાથી રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ની સહેતુક નમૂના તરીકે પસંદગી કરેલ હતી.

**5) સંશોધન પદ્ધતિ :**

અભ્યાસકર્તાએ નીચેની પદ્ધતિઓનો આશરે લઇ અને અભ્યાસ  પાર પાડ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ની વિશિષ્ટ સિદ્ધિઓ અને સાહિત્યિક સેવાનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ વર્ણાત્મક સંશોધન પદ્ધતિની પેટા પદ્ધતિ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ પણ કહી શકાય. કારણ કે આ અભ્યાસમાં કોઈ એક સામાજિક એકમના બધા પાસાઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તથા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

- **સંશોધક દ્વારા <u>વર્ણાનાત્મક સંશોધન પધ્ધતિઓ</u> પૈકી <u>વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ</u> દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. વર્ણનાત્મક સંશોધન પધ્ધતિમાં જ વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે.**

વર્ણનાત્મક સંશોધન પધ્ધતિમાં જ વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે, વર્ણન અને અર્થઘટન માટેની સંશોધન પધ્ધતિઓ આ વિભાગમાં આવે છે. તથા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**6) ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નીચે મુજબના ઉપકરણોની પસંદગી કરી હતી.

- **સ્વરચિત નોંધપત્રકો :** સંશોધનના હેતુ તથા પ્રશ્નો મુજબનો વિભાગવાર તથા વિચારજૂથો મુજબ માહિતી એકત્રીકરણ
- પ્રસ્તુત સંશોધનમાં સંસ્થા વિષયક માહિતી એકત્ર કરવા સ્વરચિત નોંધપત્રકોમાં વિચારજૂથો દર્શાવીને દરેક મુખ્ય વિચારજૂથો, આ અંતર્ગત પેટા વિચારજૂથો અને તેને અનુરૂપ વિચાર એકમો દર્શાવ્યા હતા.

- **રૂબરૂ મુલાકાત :**
- રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ' સાથે રૂબરૂ મુલાકાત અને ચર્ચા
- સંસ્થાના ભૂતપૂર્વ તથા વર્તમાન આધાર સ્તંભો તથા કર્મચારીઓ સાથે મુલાકાત.

- **દસ્તાવેજો :**
- ફોટોગ્રાફ્સ, પુસ્તકો, તેમની સાહિત્યિક પ્રવૃત્તિઓના દસ્તાવેજો

**7) માહિતીનું એકત્રીકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતીના ઉપકરણોને આધારે માહિતી પ્રાપ્ત કરી હતી. રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ' સાથે ચર્ચા, દસ્તાવેજો, પુસ્તકો તેમજ વર્તમાનપત્રો દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંશોધનના હેતુ મુજબ પ્રાપ્ય માહિતીનો નોંધપત્રકમાં વિચાર જૂથો મુજબ વિભાજન કરી અને તારણો તારવવામાં આવ્યા હતા.

**8) પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

**સારણી : 1 રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ડૉ. રમેશભાઈ ભટ્ટ 'રશ્મિ'ના જીવન, કવન તથા સવિશેષ પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ**

| ક્રમ | પરિચયાત્મક વિભાગ |
|---|---|
| 1 | જીવન પરિચય |
| 2 | ગુજરાતી સાહિત્યમાં પ્રદાન |
| 3 | કચ્છી સાહિત્યમાં પ્રદાન |
| 4 | શિક્ષક તરીકે મળેલાં પારિતોષિકો |
| 5 | રસનાં ક્ષેત્રો તથા શૈક્ષણિક યાત્રા |
| 6 | સાહિત્યિક પ્રદાન |
| 7 | શૈક્ષણિક તથા સાહિત્યક્ષેત્રે પ્રાપ્ત એવોર્ડ |

- ### કચ્છી સાહિત્યકાર ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'નો પરિચય

પૂરું નામ : ડૉ. રમેશચંદ્ર કાંતિલાલ ભટ્ટ
તખલ્લુસ : 'રશ્મિ'
મૂળ ગામ : ઘડાણી, તાલુકો નખત્રાણા( કચ્છ) હાલે – અંજાર (કચ્છ)
જન્મ તારીખ : ૨૩/૦૨/૧૯૬૦
અભ્યાસ : ગુજરાતી વિષય સાથે એમ.એ.(ગુજરાત યુનિ.), પીએચ.ડી. (સૌરાષ્ટ્ર યુનિ.રાજકોટ)
મહાનિબંધ વિષય : 'ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓનું રૂપવિધાન
Email : rameshbhatt151@gmail.com

- ### ગુજરાતી સાહિત્યમાં પ્રદાન

**પ્રકાશનો : -**

શૈક્ષણિક પુસ્તકો :- (સંયુક્ત લેખન)
૧. દે તાલી – બાલગીતો.
૨. વિકલાંગની વિકાસગાથા.
૩. વિકલાંગ વીરોની વાતો.
૪. પ્રાર્થના સંમેલન અને યોગશિક્ષણ ૫. પ્રાથમિક સંગિત કલા શિક્ષણ
૬. ઇસ મિટ્ટી સે તિલક કરો.
૩. કૌશલ્યપુર્ણ વાર્તાઓ
૮. દરિયાનો બાદશાહ

**વિચાર પ્રેરક પુસ્તકો :-**

૧. અક્ષયપાત્ર ૨, જીવનવિજય,

**સંપાદન :-**

જીવન અધ્યયન ગ્રંથમાળા ભગ ૧ થી ૧૦ જેમાં "દિવ્ય ભાસ્કર દૈનિકમાં આવતા પંડિત વિજય શંકર મહેતાના પ્રવચનોના પુસ્તકો અરુણોદય પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રકાશિત થયેલ છે.

**આધ્યાત્મિક પ્રકાશનો :-**

૧. નારાયણ ગંગો
૨. ઓમ સાધના દર્શન
૩. શિવ શક્તિ સાધનો

- **કચ્છી સાહિત્યમાં પ્રદાન**

પ્રકાશનો : -
૧. 'સીરાંણ' – કચ્છી ગઝલ સંગ્રહ - ૧૯૯૯
૨. લંભ જો ટાંઢો – કચ્છી વાર્તાસંગ્રહ – ૧૯૮૯
૩. 'શબધ પિરભ' – કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પ્રગટ કચ્છી વાર્તાપુસ્તક – ૨૦૦૪
૪. 'પિરભજી પિરસાધી' – પર્યુષણ પ્રવચનોનાં પુસ્તકમાં વિસ્તાર લેખન – ભાષા વિમર્શક.- ૨૦૦૭
૫. ગીતાંજલિ' – કવિવર ટાગોરની કવિતાઓનો કચ્છી અનુવાદ -૨૦૧૫
૬. 'જે ની' – કચ્છી ગઝલસંગ્રહ -૨૦૧૭
૭. 'ઉંગ્યા કંધા' – કચ્છી વાર્તાસંગ્રહ -૨૦૧૮
૮. 'સમક્ષ' કવિ મદનકમાર અંજારિયા 'ખ્વાબ' ની ગુજરાતી કવિતાઓનો અનવાદ – કચ્છી સાહિત્ય અકાદમી
૯. 'મલાખડો' કચ્છી વાર્તાસંગ્રહ ૨૦૨૧
૧૦. 'બુસકાર' કચ્છી ગઝલસંગ્રહ ૨૦૨૧
૧૧. 'અજોર' કચ્છી વાર્તાઓ વી.આર.ટી.આઇ પ્રકાશન (ઇન પ્રેસ)
૧૦. કચ્છી કટાર લેખન :- 'વલો કચ્છ' 'દિવ્ય ભાસ્કર' માં પાંચ વર્ષ સુધી કચ્છી કૉલમ લેખન (૨૦૧૦ થી ૨૦૧૫ )

- 'કચ્છમિત્ર' ની રવિવારીય પૂર્તિમાં ૧૯૮૩ થી અત્યાર સુધી ૭૦૦થી વધુ વાર્તાઓ પ્રગટ થઈ છે. જેમાં આસ્વાદ, રસદર્શન, વિવેચન, પ્રસંગચિત્રો અને અનુવાદ-નિબંધનો સમાવેશ થાય છે.('ધિલખ્યું ગાલ્યું' સંપાદક – જયંતિ જોશી 'શબાબ')
- આકાશવાણી ભુજ પરથી કચ્છી ભાષામાં કવિતા, વાર્તા, વાર્તાલાપ, ગ્રંથસમીક્ષા, બાળનાટક વિ. વિષયક ૧૫૦ જેટલા કાર્યક્રમો પ્રસારિત થયા છે.
- આકાશવાણી – ભુજ પ્રાયોજીત કચ્છી મુશાયરાઓમાં ભાગ લઈને શ્રોતાઓની દાદ મેળવી છે ( હજીયે ભાગ લઉં છુ)

- કચ્છી સાહિત્ય અકાદમી તેમજ દુલેરાય કારાણી સન્માન સમિતિ પ્રાયોજીત સેમિનારોમાં 'કચ્છી વાર્તાના વિકાસ' વિષયક પેપરો રજૂ કર્યાં છે.
- માનવ સંસાધન મંત્રાલય - દિલ્હી પ્રાયોજીત 'કચ્છી સિન્ધી સાહિત્ય' સેમિનારોમાં ભાગ લીધો છે. પ્રાથમિક શિક્ષકના નાતે ૧૯૮૨થી શિક્ષણના એકમોનું કચ્છી ભાષામાં રૂપાંતર કરી બાળકોને ભણાવીને ગતવર્ષ ૩૧/૦૫/૧૮ નાં નિવૃત થયા છે.
- કચ્છી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'ચીંગાર' નો આધ્યસંપાદક (ભૂ.પૂ.)
- પ્રારંભિક કચ્છી ભાષા તાલીમમાં ગુજરાત સરકારશ્રી પ્રાયોજીત 'કચ્છી વ્યાકરણ તજજ્ઞ' તરીકે ૫૦ જેટલી તાલીમો આપી છે. કચ્છી સાહિત્ય કલા સંઘ સંસ્થા (રજી.) નો આધ્યમંત્રી (ભૂ.પૂ.)
- વર્તમાનપત્રો 'કચ્છમિત્ર', 'દિવ્યભાસ્કર', 'કચ્છ ઉદય', 'કચ્છ ભારતી', 'જય આશાપુરા જ્યોત' માં કચ્છી લેખો તેમજ કોલમોનું સંપાદન . વિવિધ કાર્યક્રમોનું કચ્છી ભાષામાં સબળ-સફળ સંચાલન
- 'મુંજો વતન ધૂલારો' – કચ્છી ઓડિયો કેસેટ, સહનિર્માતા (ગુજરાત સરકાર – શિક્ષણ વિભાગ પ્રાયોજીત કેસેટ)
- કચ્છી લોકસંગીત સહ સંવાદ સહિત ઓડિયો કેસેટ 'ભલી કરે આયા (ભારત સરકાર ગૃહ મંત્રાલયM.N.I.C પ્રોજેકટ special for border area of India.
- 'પોલિયો હટાયો' ઓડિયો કેસેટ : PHC દેશલપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ : ગુજરાત સરકાર)
- જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભુજ પ્રાયોજીત 'વિચાર વલોણું' ઓડિયો કેસેટમાં ટાગોરનાં કાવ્યોનો સંક્ષેપ.
- જી.એમ.ડી.સી. ના રજત જયંતિ મહોત્સવમાં 'કચ્છ જી રંગત' કાર્યક્રમનુ નિર્માણ, દિગ્દર્શન, સંગીત નિયોજન – સંચાલન
- કચ્છના વિવિધ પ્રદેશોની પ્રાદેશિક કચ્છી બોલવાની કળા .
- કચ્છી ચેર – કચ્છ યુનિવર્સિટી દ્વારા પ્રકાશ્ય કચ્છી સાથે જોડણીકોશમાં સક્રિય કામગીરી - ૨૦૦ થી વધુ દુર્લભ શબ્દોનું સંપાદન.
- 'અચો સીખો કચ્છી' – આકાશવાણી ભૂજ પરથી કચ્છી શિક્ષણના ૧૦ પાઠ
- શ્રી નારાયણ જોશી 'કારાયલ' પ્રેરિત 'કચ્છી પાઠાવલી' માં સક્રિય પ્રદાન. કચ્છી સાહિત્ય અકાદમી પ્રકાશિત હિન્દી પુસ્તકમાં લેખ.
- કચ્છી ભજનો, લોકગીતોનાં ગાયન દ્વારા સેવાકાર્યો .

- **શિક્ષક તરીકે મળેલાં પારિતોષિકો :**

- ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ :૨૦૦૫
- આઇ.બી.સી. કેમ્બ્રિજ યુનિ. દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ૨૦૦૫-૨૦૦૬-૨૦૦૭-૨૦૦૮-૨૦૦૯- ૨૦૧૦ આઇ.આઇ.એમ. અમદાવાદ દ્વારા ઇનોવેટિવ ટીચર' ઍવોર્ડ – ૨૦૦૪
- એ.એમ.એ. અમદાવાદ દ્વારા 'એક્સેલન્સ ઇન એડ્યુકેશન' ઍવોર્ડ – ૨૦૦૪
- સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશન રાજકોટ : શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ – ૨૦૦૫
- એર ઇન્ડિયા પ્રાયોજીત 'બોલ્ટ' ઍવોર્ડ – ૨૦૦૬


SAMVAD E – JOURNAL (Online) ISSN NO. 2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume-2, Issue-3, July to September : 2024

- જાયન્ટ્સ ઇન્ટરનેશનલ -૩બી નો 'કચ્છ વિભૂતિ' ઍવોર્ડ – ૨૦૦૭ સાહિત્ય માટે મળેલા ઍવોર્ડ : ( કચ્છી સાહિત્ય માટે)
- કચ્છી વાર્તાસંગ્રહ – 'લંભ જો ટાંઢો' ને ગુજરાત સાહિત્ય અકાદમી ઍવોર્ડ – મનુભાઈ પંચોળીના વરદ હસ્તે -૧૯૮૮
- 'આંજેના' કચ્છી ગઝલ સંગ્રહને કચ્છી સાહિત્ય અકાદમી પુરસ્કાર - ૨૦૧૭
- માહિતી ખાતું – ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ સૂત્રલેખન' ઍવોર્ડ – ૧૯૮૮ → જ્ઞાતિ ગૌરવ એવોર્ડ - સમગ્ર સાહિત્યલેખન માટે – ૨૦૦૮
- દુલેરાય કારાણી સ્મૃતિ રજતચંદ્રક – ૨૦૦૧
- વિષ્ણુ સમાજ જીયાપર (કચ્છી કૉલમ માટે) -૨૦૦૩
- લાયન્સ ક્લબ -અંજાર : કાવ્ય એવોર્ડ – ૨૦૦૪
- બી.એમ.સી.બૅન્ક હાયર એડ્યુકેશન ઍવોર્ડ – ૨૦૦૪
- કચ્છી સારસ્વત સન્માન (સમગ્ર કચ્છી સર્જન માટે)
- ડૉ. વનું પાંધી 'સંસ્કૃતિ' ઍવોર્ડ (કચ્છી માટે ) ૨૦૦૮
- શ્રીમતી તારામતી વિશનજી ગાલા લાઈફ ટાઈમ અચિવમેન્ટ 'કચ્છી સાહિત્ય' ઍવોર્ડ
- 'ગીતાંજલિ' – ટાગોરનાં કાવ્યોના કચ્છી અનુવાદને કચ્છી સાહિત્ય અકાદમી ૨૦૧૪-૧૫ ઍવોર્ડ
- ભગવતીધામ ભૂજ દ્વારા 'ગુરૂગરિમા ' ઍવોર્ડ
- 'સંસ્કાર સરિતા – વ્હાઇટ ઇગલ સ્કૂલ – દેવપુર (યક્ષ) આયોજીત 'કચ્છી ગઝલ' સ્પર્ધા, 'કચ્છી લઘુકથા વાંચન સ્પર્ધામાં વિજેતા
- 'પિરભજી પિરસાધી' – કચ્છી સાહિત્ય અકાદમી પુરસ્કાર (વિસ્તાર લેખક તરીકે કામગીરી)
- એક રસપ્રદ સંશોધન – વ્યંજનો ક થી જ્ઞ સુધી ની પૂર્વે 'અ' લગાડીને અર્થસભર શબ્દો (કચ્છીમાં)
- કચ્છી સાહિત્ય અકાદમી એવોર્ડ – ૨૦૧૭ (ગઝલ સંગ્રહ 'આંજેના' માટે
- વિવેકગ્રામ પ્રકાશન રજત જયંતી પુરસ્કાર - ૨૦૧૯
- બ્રહ્મ ગૌરવ એવોર્ડ – ૨૦૧૯
- કચ્છી સાહિત્ય મંડળ – ભૂજ પુરસ્કાર - ૨૦૧૯
- આકાશવાણી ભુજ માન્ય કવિ લેખક છે માતબર સામયિકોમાં છેલ્લા ૪૦ વર્ષથી ધાર્મિક કોલમો લખે છે. હાલે નિવૃત્તિ જીવન રાજકોટમાં ગાળે છે.
- તકનીકીના નવા યુગમાં વોટ્સ એપ પર તેમના કવિતાના ચાર ગ્રુપ્સ છેલ્લા સાત વર્ષથી સક્રિય છે. જેમાં "કવિ ખ્વાબ કાવ્યસભા", "કવિ રમેશ પારેખ કાવ્યસભા", "અંદાજે બયાં", અને "સાહિત્ય સરવાણી" નો સમાવેશ થાય છે.
- **પરિચય :**

મારું પૂરું નામ: ડૉ.ભટ્ટ રમેશચંદ્ર કાન્તિલાલ ' રશ્મિ'
જન્મ સ્થળ: ધડાણી,તાલુકો: નખત્રાણા,જિલ્લો: કચ્છ.
પીનકૉડ:370625
શૈ.લાયકાત: એસ.એસ.સી.પી.ટી.સી.
એમ.એ.પી.એચ.ડી.( આર્ટ્સ: ગુજરાતી વિષય સાથે)
ઍડ્રેસ: A-20.' રાહિ મિલ', ભક્તિનગર,આશા હોમ્સ-1
કેસરબાગ રોડ.
મુ.પો.માધાપર.તાલુકો: ભૂજ
જિલ્લો: કચ્છ.

પીન કોડ: 370020

- **રસનાં ક્ષેત્રો તથા શૈક્ષણિક યાત્રા :**

સાહિત્જગતને ખૂબ જ વાંચનનો સંદેશ આપીશ. વાંચનથી વૈચારિક સમૃદ્ધિ વધે છે.જગતની મહાન કૃતિઓ સતત વાંચતા રહેવું જોઈએ. શિક્ષણજગત પણ સતત નવું શીખવા તત્પર રહે એ આવશ્યક છે.શૈક્ષણિક બાબતે હજી પણ નવું શીખવા જાણવા ઉત્સુક છું.શિક્ષણ,સાહિત્ય,સંગીત,સાધના વગેરે તેમના રસના વિષયો છે.

- **નોકરીની માહિતી**

૧. ૧૯૮૨ થી ૧૯૮૭- મોટાવાલ્કા પ્રાથમિક શાળા, મદદનીશ શિક્ષક તરીકે.-

૨.૧૯૮૭ થી ૧૯૯૬ - એપ્રિલ., મોટાધાવડા પ્રાથમિક શાળા, મદદનીશ શિક્ષક તરીકે

૩.૧૯૯૬- મે થી ૨૦૧૮, નવાવાસ નખત્રાણા પ્રા.શાળા. જેમાં ૨૦૦૩ સપ્ટેમ્બર સૂધી મદદનીશ શિક્ષક અને પછી ૨૦૧૮ જાન્યુઆરી સૂધી મુખ્ય શિક્ષક.

ફેબ્રુઆરી- ૨૦૧૮ માં જિલ્લા કેળવણી નિરીક્ષક તરીકે પ્રમોશન અને નિવૃત્તિ.

- **સાહિત્યિક પ્રદાન પ્રદાન :**

૧.કચ્છી પુસ્તકો.

- **ગદ્ય**

૧.વાર્તા સંગ્રહ: લંભજો ટાંઢો

૨.વાર્તા સંગ્રહ : સબધ પિરભ( કચ્છી સા.અકાદમી પ્રકાશત)

૩.પર્યુષણ પ્રવચન: પિરભજી પિરસાધી( ભાષા વિમર્શક)

૪.વાર્તા સંગ્રહ: ' મલાખડો'

૫.વાર્તા સંગ્રહ : ' ઉંચ્ચા કંધા.

૬. વાર્તા સંગ્રહ : ' અજોર'

- **પદ્ય.**

૧.ગઝલ સંગ્રહ: ' સીરાંણ'

૨.ગઝલ સંગ્રહ: ' આંજે નાં'

૩.ગઝલ સંગ્રહ : ' બુસ્કાર'

૪. ગઝલ સંગ્રહ : ' ગાંડણી'

ગઝલસંગ્રહ : 'મૌનનું પગેરું '

- **અનુવાદ :**

૧. ' ગીતાંજલિ' ( ટાગોર)

૨.' સમક્ષ'( ખ્વાબ)

ગુજરાતી પુસ્તકો( સંયુક્ત લેખન,મારાં સ્વ.પત્ની સાથે)

- **<u>ગદ્ય સાહિત્ય:</u>**

૧.' વિકલાંગની વિકાસગાથા'

૨.' પ્રાર્થના સંમેલન અને યોગ શિક્ષણ'

૩.' વિકલાંગ વીરોની વાતો'

૪.' કૌશલ્યપૂર્ણ વાર્તાઓ'

૫.' ઈસ મિટ્ટીસે તિલક કરો'

૬.' દરિયાનો બાદશાહ'

૭.' પ્રાથમિક સંગીત કલા શિક્ષણ'
૮.' જીવન વિકાસ ગ્રંથમાળા ભાગ ૧ થી ૧૦.
૧૯.' જીવન વિજય'( મૌલિક)
૨૦' અક્ષયપાત્ર'( મૌલિક)
૨૧.' નારાયણ ગંગા'
૨૨.' ૐમ્ સાધના દર્શન

- **<u>પદ્ય સાહિત્ય:</u>**

૧.' દે તાલી'( સંયુક્ત)
૨.' મનતરંગ' ( ગઝલ)
૩.' તે શક્ય છે'( ગઝલ)
નામાંકિત સામયિકો,પુસ્તકોમાં લેખો પ્રગટ થાય છે.

- **સંપાદન :**

૧.કૉલમ લેખન.
૨. કચ્છમિત્ર,સંદેશ,કચ્છ ઉદય,દિવ્ય ભાસ્કર,વર્લ્ડ ટાઈમ્સ,જય આશાપુરા જ્યોત.
૩. ' કચ્છમિત્ર' માં ૪૩ વર્ષથી પ્રગટ થતી કૉલમ ' ઘિલ જ્યું ગાલ્યું' માં ૧૯૮૨ થી ૨૦૧૭ સૂધી ૭૦૦ વાર્તાઓ પ્રગટ થઈ છે.

- **શૈક્ષણિક એવૉર્ડ :**

૧.ભારત સરકારનો રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ.
૨.આઈ.આઈ.એમ.અમદાવાદનો ' ઈનૉવેટીવ ટીચર ' ઍવૉર્ડ
૩.એ.એમ.એ.અમદાવાદનો ' એકસેલેન્સ ઇન એજ્યુકેશન' એવૉર્ડ.
૪.સિસ્ટર નિવેદિતા ફાઊ.રાજય એવૉર્ડ
૫.ઍર ઇન્ડીયાનો ' બ્રૉડ આઊટ લુકર ટીચર' એવૉર્ડ.
૬.ગુરુગરિમા એવૉર્ડ
૭.જાયન્ટ્સનો ' કચ્છ વિભૂતિ' એવૉર્ડ.

- **સાહિત્યિક એવૉર્ડ :**

**૧.કચ્છી સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર - 2020**

૨.માહિતી ખાતું,ગુજરાત એવૉર્ડ
૩.ભુવનેશ્વરીપીઠ ગોંડલ સુવર્ણ ચંદ્રક
૪.પારિજાત એવૉર્ડ
૫.કચ્છી સાહિત્ય અકાદમી એવૉર્ડ-1988, 2015, 2017
૬. કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2020
૭.કારાણી રજત ચંદ્રક
૮.કચ્છી સા.સ.એવૉર્ડ
૯.વિવેકગ્રામ રજતજયંતિ પુરસ્કાર
૧૦.વનુ પાંધી એવૉર્ડ
૧૧.તારામતી વિશનજી ગાલા પુરસ્કાર.
૧૨.કચ્છી સાહિત્ય અકાદમી પુસ્તક પારિતોષિક

- અત્યાર સુધી ' દિવ્ય ભાસ્કર' માં વર્ષ 2010 થી 2015 સૂધી કચ્છીભાષામાં ' વલો કચ્છ' કૉલમ તેમજ

- વર્ષ 2021 થી હાલમાં ચાલુ ' મિઠડ઼ી કચ્છી' કૉલમમાં કચ્છી સાહિત્યનાં આસ્વાદ સાથે વિવેચન કર્યું છે.

**1)**

**2) સંદર્ભસૂચિ:**


જોશી, એન. (૧૯૯૪) ***કચ્છી પાઠાવલી ભાગ-૧ 'જાણ'.*** વી.આર.ટી.આઇ.માંડવી : કચ્છ.

જોશી, એન. (૧૯૯૭) ***કચ્છી પાઠાવલી ભાગ-૨ 'સુજાણ'***વી.આર.ટી.આઇ.માંડવી : કચ્છ.

આચાર્ય, એમ. એ. (૨૦૦૯). ***શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

શાહ, ડી. (૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન.*** સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

જોશી, એન.(૨૦૨૨).***સ્નેહીઓને સંભારણું.*** શ્રી કચ્છી સાહિત્ય કલા સંઘ મોઝર : કચ્છ.


1. ગુજરાતી મહા શોધનિબંધ :


ચૌધરી સી. (૧૯૯૬).**ગાંધી વિદ્યાપીઠ વેડછી : એક વ્યક્તિ અભ્યાસ**. પીએચ.ડી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

ગોહિલ કે. (૨૦૦૫). **શારીરિક શિક્ષણક્ષેત્રે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળનું યોગદાન : એક અભ્યાસ.** પીએચ.ડી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

મોલિયા, બી. (૨૦૨૧). ***વિપશ્યના વિશ્વ વિદ્યાપીઠ ધમ્મગિરિનો વ્યક્તિ અભ્યાસ.*** પીએચ.ડી. મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ


**2. Websites :**


**http://shodhganga.inflibnet.ac.in**

**http://www.collegesearch.in**

**http://en wikipedia.org/wiki/poetry**